GCCI

# Gujarat Chamber of Commerce & Industry

Shri Ambica Mills - Gujarat Chamber Building, Ashram Road, Ahmedabad - 380 009. INDIA.
079-2658 2301/2/3/4, 2658 0527 **Fax No.** 079-2658 7992
gcci@gujaratchamber.org | www.gujaratchamber.org

7640

## Press Note

તા. ૨ જુલાઈ, ૨૦૧૯

આજ રોજ ગુજરાત રાજ્યના નાણામંત્રી માનનીય શ્રી નિતીનભાઈ પટેલ દ્વારા વર્ષ ૨૦૧૯-૨૦ માટેનું રાજ્ય બજેટ વિધાનસભામાં પ્રસ્તુત કરવામાં આવ્યું હતું. ગત વર્ષની સરખામણીમાં આ બજેટનું કદ ૧૧.૨ ટકા વધુ હતું. ૨૦૧૮-૧૯માં બજેટનું કુલ કદ ૧૮૩૬૬૬ કરોડનું હતું જ્યારે તે વધીને ૨૦૪૮૧૫ કરોડ કરવામાં આવ્યું હતું.

બજેટ અંગે પ્રત્યાઘાત આપવાના ઉદ્દેશથી ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી દુર્ગેશ બુચની અધ્યક્ષતામાં હોદ્દેદારોની એક મિટિંગનું યોજવામાં આવી હતી અને તેના અનુસંધાને GCCI દ્વારા નીચે મુજબના પ્રત્યાઘાતો વ્યક્ત કરવામાં આવ્યા હતા.

- આ બજેટ મુખ્યત્ત્વે ખેડૂતલક્ષી તેમજ સામાજીક વિકાસલક્ષી બજેટ છે. આ બજેટમાં સરકાર દ્વારા મુખ્ય પાંચ ક્ષેત્રો અંગે વધુ ધ્યાન આપવામાં આવ્યું છે જેમાં જળ સંરક્ષણ, વૈકલ્પિક ઉર્જાના સ્ત્રોતોનો વિકાસ, પર્યાવરણ સંરક્ષણ, શિક્ષણ અને રોજગારીમાં વધારો કરવો તેમજ કૃષિ વિકાસનો સમાવેશ થાય છે.
- ગત વર્ષ કરતાં આ બજેટમાં રૂ.૨૧,૧૪૯/- કરોડના વધારાની ફાળવણી કરવામાં આવી છે જે આવકાર્ય છે. વધુમાં સૌર અને પવન ઉર્જા ના વિકાસ માટેની પ્રોત્સાહન યોજનાઓ આવકાર્ય છે.
- રૂફટોપ સોલર પોલીસી માટે રૂ.૧૦૦૦ કરોડની ફાળવણીને GCCI બીરદાવે છે.
- અમદાવાદ, વાડજ અને જેતલપુર ઔદ્યોગિક વસાહતો માંથી નિકળતું પ્રદુષિત જળના નિકાલ માટે Deep sea discharge Pipeline રૂ.૫૦૦ કરોડની વધુ ફાળવણીને પણ GCCI બીરદાવે છે.
- વર્ષ ૨૦૨૨ સુધીમાં વૈકલ્પીક ઉર્જામાં ૩૦,૦૦૦ મેગા વૉટના કેપેસીટી વધારાના લક્ષ્યાંક આવકાર્ય છે. ગુજરાત રાજ્યમાં આ ક્ષેત્રે ખૂબ મોટી તક રહેલી છે અને આ ફાળવણીથી ભવિષ્યમાં ગુજરાત રાજ્ય વૈકલ્પિક ઉર્જા માટેનું એક મુખ્ય રાજ્ય બને તે માટેની મદદ મળી રહેશે.
- આ બજેટમાં જાહેર કરેલ નવી ફાળવણીઓ થકી કૃષિ આધારિત ખાદ્ય પદાર્થના પ્રોસેસિંગ તેમજ ડેરી ક્ષેત્રમાં કાર્યરત એકમોને પ્રોત્સાહન મળી રહેશે.
- જળ સંરક્ષણ હાલની પરિસ્થિતિને જોતાં ખુબજ મહત્ત્વનું બની રહ્યું છે અને આ બજેટમાં તેને ધ્યાનમાં રાખતાં જળ સંરક્ષણ તેમજ ખારા પાણીને મીઠા પાણીમાં પરિવર્તિત કરવા માટેના ૮ **Desalination Plant** સ્થાપવા વિગેરે તકેદારીના પગલાંઓ લેવામાં આવ્યા છે જે આવકાર્ય છે.
- અમદાવાદ ખાતે નવી આરટીઓ સ્થાપવા માટે રૂ. ૧૩ કરોડની ફાળવણી અને રેલ્વે લાઈનને બ્રોડગેજમાં પરિવર્તિત કરવામાટે ૪૫ કરોડને પણ GCCI આવકારે છે.
- MSME ઉદ્યોગો માટેની ફાળવણી અગાઉના વર્ષમાં ૮૪૩ કરોડ હતી અને આ વર્ષે ૮૮૦ કરોડ છે જે એકંદરે અપેક્ષા કરતાં ખુબ ઓછો વધારો છે. વધુમાં માંદા એકમોના પુનર્વસન માટે માત્ર રૂ. ૬૦ કરોડની ફાળવણી પણ ખૂબજ ઓછી જણાય છે.
- ટેક્ષટાઈલ ક્ષેત્રે ઉદ્યોગોની માગણીને ધ્યાનમાં રાખતા રૂ.૧૫૦૦ કરોડ વધારાની ફાળવણી કરવામાં આવી છે તેને GCCI આવકારે છે.
- વૈશ્વિક સ્તરે વધતી જતી હરિફાઈને ધ્યાનમાં રાખી ગુજરાતના એકમોને પર્યાપ્ત રક્ષણ અને વિકાસ માટેની તકો મળી રહે તે માટે વિશેષ ફાળવણીની જરૂરિયાત હતી જે બજેટમાં પુરી કરવામાં આવી હોય તેવું જણાતું નથી.

**તંત્રીશ્રી/ચીફ રીપોર્ટરશ્રી/કોમર્શીયલ એડીટરશ્રી/બ્યૂરો ચીફ/ન્યૂઝ એડીટરશ્રી,**
**યોગ્ય પ્રસિદ્ધિ સારુ વિનંતી સહ રવાના,**

કતુ દેસાઈ
સેક્રેટરી જનરલ

2/7/2019